# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૪/૨/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ઉદ્યોગના આગેવાનો અને શહેરીજનોના સહકારથી પોલીસે ડ્રગ્સ ઉપર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો છે : પોલીસ કમિશનર અજય તોમર

### જ્યાં ઉદ્યોગ–ધંધાનો વિકાસ થાય ત્યાં ક્રિમીનલ એકટીવિટી પણ વધે એ સ્વાભાવિક છે અને એટલે જ પોલીસ 'નો ડ્રગ્સ ઇન સુરત' અને 'નો ગેંગ્સ ઇન સુરત'ના લક્ષ્ય સાથે કામ કરી રહી છે

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ સરસાણા સ્થિત પ્લેટીનમ હોલ ખાતે યોજાયેલા ઇન્ટરેકટીવ સેશનમાં સુરત શહેરના પોલીસ કમિશનર અજય તોમરે હાજરી આપી હતી. ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડીયા તથા અન્ય હોદ્દેદારોના હસ્તે પુષ્પગુચ્છ આપી અને શાલ ઓઢાડીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર અજય તોમરે ઉદ્યોગ–ધંધાના આગેવાનો તથા શહેરીજનો સમક્ષ પ્રેરણાત્મક સંબોધન કર્યું હતું.

અજય તોમરે જણાવ્યું હતું કે, સમૃદ્ધિ વધે ત્યાં ડ્રગ્સ આવે અને યુવા પેઢીને નેસ્તનાબૂદ કરી નાંખે છે. સ્કૂલ, કોલેજ, જિમ્નેશિયમ અને સ્પાના માધ્યમથી ડ્રગ્સ યુવાઓ સુધી પહોંચે છે. યુવાઓ ડ્રગ્સ એડીકટ થઇ જાય છે અને તેમાંથી બહાર નીકળવું અઘરુ થઇ જાય છે. યુવા પેઢી ડ્રગ્સ માટે ચોરીના માર્ગે દોરાઇ જાય છે. આખા વિશ્વની આ સમસ્યા છે અને તેનું વરવું સ્વરૂપ મે પંજાબમાં જોયું છે. તેમણે કહયું કે તેઓ જ્યારે પંજાબવાળા પાકિસ્તાન બોર્ડર ઉપર બોર્ડર સિકયોરિટી ફોર્સના ઇન્ચાર્જ આઇજી હતા ત્યારે બે વખત તેઓ પાકિસ્તાનની મુલાકાતે ગયા હતા. પંજાબ એક જમાનામાં ફાયનાન્શીયલ, ઇકોનોમિક અને હેલ્થની દૃષ્ટિએ સૌથી વાઇબ્રન્ટ રાજ્ય હતું. ૫૦થી લઇને ૮૦ સુધીના દાયકામાં ભારતની ઓલમ્પિક ટીમ રમવા માટે જાય તેમાં ૫૦ ટકા ખેલાડી પંજાબના રહેતા હતા. પરંતુ અત્યારે પરિસ્થિતિ તદ્દન બદલાઇ ગઇ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારતમાં પંજાબનો જે સૌથી શ્રેષ્ઠ ભાગ હતો તે ભારત – પાકિસ્તાનના પાર્ટીશન બાદ પાકિસ્તાનમાં જતો રહયો હતો અને હાલમાં તેની હાલત અત્યંત ખરાબ છે. આની પાછળનું કારણ જણાવતા તેમણે કહયું હતું કે, અફઘાનિસ્તાનમાં ડ્રગ્સ સિન્થેસાઇઝ થાય છે અને ત્યાંથી તેને પાકિસ્તાનમાં ઘુસાડવામાં આવે છે. ભારતમાં જેટલા ડી–એડીક્ટ સેન્ટરો નહી હોય એટલા સેન્ટરો પાકિસ્તાનમાં એકમાત્ર લાહોર શહેરમાં છે. ત્યાંની આખી યુવા પેઢી ડ્રગ્સને કારણે બરબાદ થઇ ગઇ છે. જેની અસર વિશ્વના અન્ય દેશોમાં પણ દેખાઇ રહી છે. ભારતમાં પણ દરિયાઇ માર્ગે ડ્રગ્સ ઘુસાડવામાં આવે છે અને પોલીસ તેને પકડી પાડે છે.

અજય તોમરે કહયું હતું કે, સુરત પોલીસ 'નો ડ્રગ્સ ઇન સુરત' ડ્રાઇવની સાથે આગળ વધી રહી છે. ઉદ્યોગો અને શહેરીજનોના સહકારથી પોલીસે ત્રણથી ચાર મહિનામાં ડ્રગ્સ ઉપર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો છે. જ્યાં વેપાર અને ઉદ્યોગનો વિકાસ થતો હોય ત્યાં ક્રિમીનલ એકટીવિટી પણ વધે છે. આથી સુરત પોલીસે 'નો ગેંગ્સ ઇન સુરત'ના લક્ષ્ય સાથે માથાભારે તત્વો સામે લાલ આંખ કરી છે. શહેરમાં સક્રિય ચાર જેટલી ગેંગને પોલીસે જેલમાં પૂરી દીધી છે. જ્યારે ૬૦થી ૬૫ માથાભારે તત્વોને પાસામાં ધકેલી દેવામાં આવ્યા છે. કોઇ ગેંગ સુરતમાં સક્રિય નહી થાય તે બાબતને ધ્યાનમાં લઇને પોલીસ કામ કરી રહી છે.

તેમણે વધુમાં કહયું હતું કે, છેલ્લા છ મહિનામાં સુરતમાં ૪૭ ટકા ક્રાઇમમાં ઘટાડો નોંધાયો છે. શહેરીજનો પોતે સુરક્ષિત અનુભવ કરે તે બાબત મહત્વની છે. ઉદ્યોગના આગેવાનો તેમજ શહેરીજનો તરફથી સહકાર મળી રહયો છે અને આગળ પણ મળતો રહેશે તેવી અપેક્ષા તેમણે વ્યકત કરી હતી.

સુરત શહેરમાં ટ્રાફિક નિયમનના સરળીકરણ માટે ચેમ્બર દ્વારા ૫૦૦ જેટલા બેરીકેટ્સ સુરત શહેર પોલીસ તેમજ ટ્રાફિક પોલીસને આપવામાં આવશે તેનો ઉલ્લેખ ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ કર્યો હતો.